**BRAMPTON** Service and Information Update

# COVID-19 મહામારી દરમિયાન બ્રૅમ્પટનમાં સત્ય અને સમાધાનનો રાષ્ટ્રીય દિન

બ્રૅમ્પટન, ઓન્ટારિયો (23 સપ્ટેમ્બર 2021) – સપ્ટેમ્બર 15ના રોજ કાઉન્સિલ દ્વારા અપાયેલ બહાલી બાદ સિટી ઓફ઼ બ્રૅમ્પટન સપ્ટેમ્બર 30ના રોજ સત્ય અને સમાધાનના રાષ્ટ્રીય દિનને સ્થાપિત કરશે. તે દિવસની સીટી ઓફ઼ બ્રૅમ્પટનની સેવાઓ અંગેની જાણકારી નીચે આપેલ છે.

તમામ અતિમહત્ત્વપૂર્ણ સેવાઓ આપણા સમાજને મદદરૂપ થવા રાબેતા મુજબ કાર્ય કરશે જેમાં સામેલ છે ફ઼ાયર એન્ડ ઇમર્જન્સી સર્વિસિસ, યાતાયાત (ટ્રાફિક) સેવાઓ, બાય-લૉ એન્ફ઼ોર્સમેન્ટ, માર્ગ પ્રચાલન, અને સિક્યોરિટી સર્વિસિસ.

રહેવાસીઓ 311 અથવા 905.874.2000 (બ્રૅમ્પટન બહાર) પર કૉલ કરી શકશે, Brampton 311 એપનો ઉપયોગ કરી શકશે (App Store અથવા Google Play પર ઉપલબ્ધ), કોઈપણ પૂછપરછ માટે અહીં મુલાકાત લો www.311brampton.ca અથવા અહીં ઇમેલ કરો311@brampton.ca. સીટી ઓફ઼ બ્રૅમ્પટન અથવા રિજન ઓફ઼ પીલના કોઈપણ કામો માટે અમે 24/7 ઉપલબ્ધ રહીશું. COVID-19 સંબંધિત પ્રશ્નો માટે, અહીં મુલાકાત લો www.brampton.ca/COVID19.

**બ્રૅમ્પટનમાં સત્ય અને સમાધાનનો રાષ્ટ્રીય દિન અને ઑરેન્જ શર્ટ ડેનું પ્રોગ્રામિંગ**

સત્ય અને સમાધાન સપ્તાહ માટે સપ્ટેમ્બર 27 થી ઓક્ટોબર 1 સુધી એવરી ચાઇલ્ડ મૅટર્સ (Every Child Matters)નો ધ્વજ ફ઼રકાવીને સિટી સત્ય અને સમાધાનનો રાષ્ટ્રીય દિન અને ઑરેન્જ શર્ટ ડે મનાવશે.
સપ્ટેમ્બર 3ના રોજ, બધા ધ્વજ અડધી કાઠીએ ફ઼રકશે અને બ્રૅમ્પટન સીટી હૉલ ક્લૉક ટાવરને નારંગી રંગે રોશન કરાશે.

જાણકારી સતત મેળવવાને પ્રોત્સાહિત કરવા માટે, સિટી એવી એક વેબસાઇટ www.brampton.ca/bramptonremembers ઉપલબ્ધ કરાવશે જેમાં કર્મચારીઓ અને જાહેર જનતા માટે વિશ્વસનીય અને સુગમ સંસાધનો હશે.

બ્રૅમ્પટનના ઇવેન્ટ્સ કૅલેન્ડરમાં તેમના સપ્ટેમ્બર 30મીના કાર્યક્રમો રજૂ કરવા માટે સીટી ઓફ઼ બ્રૅમ્પટન સમાજના જૂથો અને અગ્રણીઓને પણ આમંત્રણ પાઠવે છે.

**બ્રૅમ્પટન ટ્રાન્ઝિટ**

બ્રૅમ્પ્ટન ટ્રાન્ઝિટ રાબેતા મુજબ તેના અઠવાડિયાના સમયપત્રક અનુસાર સપ્ટેમ્બર 30ના રોજ દોડશે જ્યારે કેટલાક રૂટ રદ થયેલા હશે.

સેવામાં રહેલ રૂટ્સ અહીં જોવા મળશે:
https://www.brampton.ca/EN/residents/transit/plan-your-trip/Pages/Schedules-Maps-Covid.aspx

# BRAMPTON Service and Information Update

નીચેના રૂટ્સ સેવામાં નહીં રહેશે:

- 501A/ 501C Züm Queen (નોંધ: 501 Züm Queen હજું ચાલુ છે) [ઝૂમ ક્વિન]
- 561 Züm Queen વેસ્ટ
- 18B Dixie (18 Dixie હજું ચાલુ છે) [ડિક્સિ]
- 21 Heart Lake [હાર્ટ લેક]
- 36 Gardenbrooke [ગાર્ડનબ્રૂક]
- 40, Central Industrial [સેંટ્રલ ઇન્ડસ્ટ્રિયલ]
- 58 Commuter Drive [કમ્યુટર ડ્રાઇવ]
- 65 Seniors Shopper [સિનિયર્સ શોપર]
- 92 બ્રૅમલી GO
- 104 Chinguacousy Express [ચિંગકુઝી એક્સપ્રેસ]
- 185 UTM Express [UTM એક્સ્પ્રેસ]

સપ્ટેમ્બર 30ના રોજ કસ્ટમર સર્વિસ ટર્મિનલો ખુલ્લા રહેશે. સવારે 7 થી રાત્રે 9 સુધી કોન્ટેક્ટ સેંટર સહાયતા માટે ઉપલબ્ધ રહેશે. વધુ માહિતી માટે, કોન્ટેક્ટ સેંટરને અહીં કૉલ કરો 905.874.2999 અથવા અહીં મુલાકાત લો www.bramptontransit.com.

વર્ધિત સફાઇ અને સ્વચ્છતાનું સમયપત્રક લાગુ રહેશે. બ્રૅમ્પ્ટન ટ્રાન્ઝિનું લક્ષ્ય છે કે દર 48 કલાકે તમામ કઠણ સપાટીઓ, ઓપરેટરના કમ્પાર્ટમેન્ટ્સ અને બઠકોને જીવાણુંમુક્ત કરવા. મોટા ભાગની બસો દર 24 કલાકે સેનિટાઇઝ કરવામાં આવે છે. કઠણ સપાટીઓ ધરાવતા ટર્મિનલો અને ફેસિલિટીઝને રોજિંદા ધોરણે લૂછવામાં આવે છે અને સેનિટાઇઝ કરવામાં આવે છે.

સિટી મુસાફરોને આગ્રહ કરે છે કે તેઓએ માસ્ક પહેર્યા હોવા છતાં ટર્મિનલો પર શક્ય હોય એટલું ભૌતિક અંતર રાખવાનું ચાલુ રાખે. મુસાફરોને તે પણ યાદી અપાવવામાં આવે છે કે તેઓએ પોતાનું અંગત ડિસઈન્ફેક્ટન્ટ સાથે રાખવું જેમકે હૅન્ડ સૅનિટાઇઝર અથવા વાઇપ્સ, વારંવાર હાથ ધોવા અને પોતાના કોણી પર ખાંસી કે છીંક ખાવી જોઈએ. બીમાર હો તો મહેરબાની કરીને ટ્રાન્ઝિટમાં મુસાફરી કરવી ટાળો, પાસેના COVID-19 મૂલ્યાંકન સ્થળ પર તપાસ કરાવવી અને જાહેર આરોગ્ય સૂચનોને અનુસરવા.

નિયમિત અપડેટ્સ માટે અહીં મુલાકાત લોwww.brampton.ca/COVID19 તેમજ અહીં મુલાકાત લો www.bramptontransit.com અથવા @bramptontransit ને સર્વિસ અપડેટ્સ માટે Twitter પર ફોલો કરો. પ્રશ્નો 905.874.2999 પર બ્રૅમ્પ્ટન ટ્રાન્ઝિટના કોન્ટેક્ટ સેંટરને નિર્દેશિત કરવા.

**બ્રૅમ્પટન પાર્ક્સ**

ઓફ લીશ ડોગ પાર્ક્સ સહિત તમામ બ્રૅમ્પટન રિક્રિએશન ટ્રૅઇલ્સ, રમતના મેદાનો અને પાર્ક્સ સપ્ટેમ્બર 30ના રોજ ખુલ્લા રહેશે. બધાના આરોગ્ય અને સુખાકારી માટે શારીરિક પ્રવૃત્તિ મહત્ત્વપૂર્ણ છે. આપણા પાર્ક્સ અને ટ્રૅઇલ્સને નવેસરથી જોવા www.brampton.ca/parks ની મુલાકાત લો.

**બ્રૅમ્પટન મનોરંજન**

પસંદગીના રિક્રિએશન સેંટરો નોંધાયેલ પ્રોગ્રામિંગ અથવા પૂર્વ-આરક્ષણ દ્વારા થનાર મુલાકાતો માટે ખુલ્લા રહેશે. તમામ રિક્રિએશન પ્રોગ્રામ અને સેવાઓ માટે અહીં મુલાકાત લો www.brampton.ca/recreation.

ઓનલાઈન ટુટોરિઅલને અનુસરીને ઘરે રહીને પણ સક્રિય અને પ્રવૃત્ત રહેવું ચાલુ રાખો. ફૂલ બૉડી સર્કિટ અજમાવો, ઓરિગામી હાર્ટ્સ બનાવતા શીખો, કેલિગ્રાફીનું કૌશલ્ય કેળવો અને બીજું ઘણું બધું! અહીં વિવિધ રેક એટ હોમ પ્રવૃત્તિઓને અહીં મેળવો www.brampton.ca/recathome.

રિક્રિએશન સેંટરની મુલાકાત લો ત્યારે રસીકરણનો પુરાવો અને વ્યક્તિગત ઓળખપત્ર જરૂરી છે. જરૂરિયાતો અને છૂટ અંગેની સંપૂર્ણ વિગતો માટે મહેરબાની કરીને બ્રૅમ્પટન રિક્રિએશન વેબપેજની મુલાકાત અહીં લો.

**બ્રૅમ્પટનનું પુસ્તકાલય**

બ્રૅમ્પટન લાઈબ્રેરીની તમામ શાખા સપ્ટેમ્બર 30ના રોજ બંધ રહેશે.

કોઈપણ સમયે બ્રૅમ્પટન લાઈબ્રેરી વેબસાઈટ ની મુલાકાત લઈને ઓનલાઈન બોરોઈંગ શું છે તે જાણો અને eBooksમેળવો, eAudiobooks, TV અને મૂવી સ્ટ્રિમિંગ, ઓનલાઈન લર્નિંગ, આર્ટ્સ એન્ડ ક્રાફ્ટ સૂચનો, અને બીજું ઘણું બધુ જાણો, બધું તમારા લાઈબ્રેરી કાર્ડ જોડે મફત. પાછા શાળામાં જાઓ છો કે નોકરી શોધો છો? બ્રેઈનફ્યુઝ (Brainfuse) વિશે જાણો, જે અમારું નવું લર્નિંગ પ્લેટફોર્મ છે જ્યાં મફત ઓનલાઈન શિક્ષણ હોય છે અને સાથે લાઈબ્રેરીના કાર્ડ ધારકો માટે નોકરી શોધવાની કોચિંગ હોય છે.

બ્રૅમ્પટન લાઈબ્રેરી કાર્ડ મેળવવા માટે અહીં ક્લિક કરવા વિનંતી. તમામ શાખા પર રહેલા બાહ્ય ડ્રોપ બોક્સ મારફત તમારી ઉછીની સામગ્રી પાછી કરવાની સગવડને માણો. અહીં અમારા ઓનલાઈન પ્રોગ્રામોમાં હાજરી આપવા માટે રજિસ્ટર કરાવો અને પ્લાન કરો કૅલેન્ડર ઓફ ઈવેન્ટ્સ અને સાપ્તાહિક વર્ચુઅલ સ્ટોરીટાઈમ્સ સહિતના વિડિયો માણો બ્રૅમ્પટન લાઈબ્રેરી YouTube પેજ પર.

મળતા રહીશું! અમારા ઈમેલ અપડેટ્સ અને ન્યુઝલેટર્સ સબ્સક્રાઈબ કરો અને અમને અહીં ફોલો કરો Facebook, Twitter, Instagram, LinkedIn અને YouTube.

તમારી સેવામાં બ્રૅમ્પટનનાં તમામ પુસ્તકાલય ફરી ખુલી ગયા છે. વિગતો માટે, અમારી વેબસાઈટની મુલાકાત લેવા વિનંતી.

# BRAMPTON Service and Information Update

**બ્રૅમ્પટન એનિમલ સર્વિસિસ**

સપ્ટેમ્બર 30ના રોજ બ્રૅમ્પટન એનિમલ શેલ્ટર બંધ રહેશે. એનિમલ કંટ્રોલ સોમવારથી શુક્રવાર સવારે 7 થી રાત્રે 10 સુધી અને શનિવાર, રવિવાર અને રજાઓમાં સવારે 8 થી સાંજે 6:30 સુધી ચાલુ હશે અને તેઓ માત્ર નીચે આપેલ છે તે પ્રકારના કૉલનો જ જવાબ આપશે:

- બીમાર/ઘાયલ/આક્રમક ઘરેલુ પ્રાણીઓ અને વન્યજીવનું પિક અપ
- આક્રમક પ્રાણી
- દોડી ગયેલ શ્વાન
- શ્વાનના બચકાની તપાસ
- પકડાયેલ રઝળતા શ્વાનનું પિક અપ
- મૃત પ્રાણીનું પિક અપ

આ કલાકો સિવાય એનિમલ કંટ્રોલ ફક્ત કટોકટીમાં જવાબ આપશે.

**પીલ પબ્લિક હેલ્થ સ્મૃતિ પત્રકો**

COVID-19 થી પોતાને અને અન્ય લોકોને બચાવવા માટે આ જાહેર આરોગ્ય પગલાં અનુસરો:

- રસીકરણ કરાવો
- અલગ ઘરના સભ્યો વચ્ચે ભૌતિક અંતર જાળવી રાખતા ઘરની અંદર અને બહાર થતાં મેળાવડા માટે પ્રાંતીય માર્ગદર્શિકાનું પાલન કરો.
- તમારા ઘરની બહારના લોકો સાથે સંપર્કની જરૂરિયાત ઊભી થાય જ તો આ કોર ફોર ક્રિયાઓનું પાલન કરો:
    - 2 મીટરનું અંતર જાળવો
    - માસ્ક પહેરો
    - ફરી હાથ વારંવાર ધુઓ
    - બીમાર હો તો ઘરે રહો, પછી ભલેને લક્ષણો હળવા હોય

-30-


**સિટી ઓફ બ્રૅમ્પટન મિડિયા સંપર્ક**
મોનિકા દુગ્ગલ (Monika Duggal)
કોઑર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી ઍંગેજમેન્ટ (Media and Community Engagement)
વ્યૂહાત્મક સંવાદ (Strategic Communication)
સીટી ઓફ બ્રૅમ્પટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca

**રિજન ઓફ઼ પીલ મિડિયા સંપર્ક**
ઍશલી હૉકિન્સ
સંચાર વિશેષજ્ઞ –જાહેર આરોગ્ય
રિજન ઓફ઼ પીલ
416.818.4421 | ashleigh.hawkins@peelregion.ca